સતી પદ્મિની

નાટકનાં ગાયનો.

છપાવી-પ્રસિદ્ધ કરનાર

ચંદુલાલ હરસુખરામ ધોળશાજી.

અમદાવાદ.

રનાં નાકે મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં

નશામે છાપી.

શ્રી નવીન Rv-209

સતી પદ્મિની

નાટકનાં ગાયનો.

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત

શ્રી દેશી નાટક સમાજ માટે

રચનાર

મરહુમ સાક્ષર શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી

છપાવી પ્રસિદ્ધ કરનાર

ઝવેરી ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.

ઠેકાણું-શ્રી શાંન્તિભુવન થીએટરમાં—અમદાવાદ.

આવૃત્તિ ચોથી. પ્રત ૨૫૦૦.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫

કિમ્મત રૂ. ૦-૨-૦ (બે આના.)

અમદાવાદ—પાનકોરના નાકે 'મનહર' પ્રિન્ટિંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપી.

શ્રી શાંતિનાથાય નમઃ

શ્રી નવીન.

" સતી પદ્મિની "

નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

મંગળાચરણ.

પ્રવેશ ૧ લો–દિલ્હીમાં બાદશાહ અલ્લાઉદીનનો બગીચો, સાહેલીઓ સાથે સુલતાના બેગમનું હાસ્ય વિનોદ, બેગમનો આશક મુફ્લીસખાન છુપાતો લપાતો બગીચામાં આવે છે. એકાએક બાદશાહનું આવવું, બેગમનું યુક્તિથી શાહ આગળ નિષ્કલંક થવું, મુફ્લીસખાનને ગરદન મારવાનો હુકમ, બાદશાહની બેગમ પાસે પદ્મિનીની તસ્વીરની માગણી, તસ્વીર જોઇ પદ્મિનાપર આશક. પદ્મિનીને બેગમ બનાવવાનો નિશ્ચય, બેગમનું સમજાવવું.

પ્રવેશ ૨ જો–મુફ્લીસખાન તથા ગરદન મારનાર સિપાઇઓ. મુફ્લીસખાનનો પસ્તાવો, સિપાઇઓની નેક શીખામણ, બેગમનું છુપા વેશમાં આવવું, સિપાઇઓને લાંચ, મુફ્લીસખાનનો બચાવ; મેવાડમાં જઇ ગુપ્ત વેષે રહેવા ભલામણ, પોતે પાછળ આવવાનું વચન આપે છે. મુફ્લીસખાન ચિતોડ તરફ જવાના.

પ્રવેશ ૩ જો–ચિતોડમાં રાણા લખમસિંહની કચેરી. રાણો પોતાના કાકા ભીમસીંહ તથા પટાવતો પાસે બાદશાહ પદ્મિનીની માગણી કરે છે એવું જાહેર કરે છે. શુરા સામંતોનું શુર, બાદશાહનો મોકલેલો સરદાર સાલારજંગ, કચેરીમાં પદ્મિનીની માગણી, રાણાનો નીરસ્કાર, છેવટે કાચમાં પદ્મિનીનું મોઢું દેખાડીશું એવો ભીમસીંહનો સરદારને જવાબ. શુરવીર વિજયસીંહ વિરૂદ્ધ અને ભવિષ્ય વચન.

પ્રવેશ ૪ થો–ચિતોડની હદમાં આવી પહોંચેલો મુફલીસખાન બેગમે મોકલેલા નોકર ફતેઉલ્લાની રાહ જોવી, ફતેઉલ્લાનું આવવું. બન્નેનો હિંદવાઇ પોષાક ધારણ કરી રાણાના પુરોહિત પાસે મંદિરમાં જવા નીશ્ચય, છાવણીમાંથી ફરવા નીકલેલ બાદશાહ અને સરદાર સાલારજંગ; બાદશાહ પદ્મિનીના પ્રેમમાં અંધ, રજપુતોની ચાલાકી અને શુરાતનના સરદારને મોઢેથી વખાણ. બાદશાહનો અહંકારી જબાબ, મોઢું જોવા જવા ઠરાવ.

પ્રવેશ ૫ મો–રાજમહેલ, કમલા સાહેલીઓ સાથે ગરબો, પદ્મિની તથા લખમસીંહની રાણી, પાછળથી ભીમસીંહ તથા રજપૂત મંડળ; બાદશાહનું આવવું, વિજય, અજીતની ઓળખાણ, પદ્મિનીનું પ્રતિબીંબ, બાદશાહનું મોહિત થવું, શુરાઓથી બાદશાહની મશ્કરી, બાદશાહનું મનમાં ગુસ્સે થઇ લાચાર થવું, વિજય તથા કમળાનું પ્રથમ પ્રેમદર્શન.

પ્રવેશ ૬ ઠો–ભીમસીંહનું છાવણી સુધી બાદશાહને વળાવવા જવું, કપટથી ભીમસીંહને કેદ, છુટકારામાં પદ્મિનીની માગણી, ભીમસીંહનો બાદશાહને તિરસ્કાર ને ફીટકાર.

પ્રવેશ ૭ મો–રાણો લખમસીંહ અને રણધીર, ભીમસીંહના કેદ થયાની ખબર, વિજયનું આવવું, પાછળથી પદ્મિની, રજપૂતોને ઠપકો, પદ્મિની આવે છે એમ કહેવરાવી મ્યાનામાં રજપૂતો ગોઠવી બાદશાહ પાસે મોકલવા રણધીરનો સંકેત; દગાને દગાથીજ નસીયત.

પ્રવેશ ૮ મો–ચિતોડની સરહદપર છાવણી નાંખી પડેલો બાદશાહ અલ્લાઉદીન પોતાના સરદાર સાલારજંગ સાથે સલાહ, નાચરંગ, બાજુપર બાંધેલા રાણા ભીમસીંહનો અફસોસ, સરદાર સાથે પદ્મિની સંબંધી વાતચિત, સુલતાના બેગમનું આવવું, પદ્મિનીના સ્વરૂપનું વિવેચન, બેગમની લાચારી, બાદશાહનો બેગમ તરફ તિરસ્કાર, પદ્મિની મ્યાના સહિત આવી પહોંચ્યાના સમાચાર, અલ્લાઉદીન લશ્કરમાં આંધળો, મ્યાનામાંથી પદ્મિનીને બદલે બહાદુર રજપૂતો, લડાઇ, રજપૂતોનું ભીમસીંહને છોડાવી પુલપરથી પસાર થવું, એકદમ રજપૂતોની પુંઠ પકડવા તથા પુલ તોડવા અલ્લાઉદીનના લશ્કરને હુકમ. તોપથી પુલનો નાશ, બેગમ રજપૂતોના હાથે કેદ, અંતે સત્યનો વિજય.

ડ્રોપ.

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો–પ્રપંચી ભેરવાચાર્ય બાદશાહ પાસે મોકલેલા પોતાના શિષ્ય ઉલ્લુશંકર ઉર્ફે ફતેઉલ્લાની રાહ જોતો–ઉલ્લુશંકરનું આ-વવું, બાદશાહનો જવાબ, બ્રાહ્મણ સાથે હોમ કરવાની રાણા તરફથી વરધી, પાખંડીનો પ્રપંચી ઠરાવ.

વેશ ૨ જો–સ્મશાનમાં શાંતિ મેળવવા નીકળેલો રાણો ગેબી અ-વાજ, કૃત્રીમ દેવીનું દર્શન, અલૌકીક દેવવાણી, સંશય યુકત રાણો, રણધીરનો અભિપ્રાય લેવા વિચાર, ભૈરવાચાર્ય પાસે જવા ઠરાવ.

પ્રવેશ ૩ જો–ભૈરવાચાર્ય, રાણો અને રણધીર, દેવવાણીનો ખુલાસો કમળ નામે કમળાનું બલીદાન, રાણો મુર્છાગત. રણધીર સ્વદેશ સેવામાં દૃઢ, રાણો કન્યાના બલીદાન માટે દીલગીર, રણધીરનો પ્રજા પ્રત્યેનો ધર્મ, રાણાનું ડગમગતું ચિત્ત સ્થીર, કમળાને ચિતોડથી બોલાવવા ઠરાવ.

પ્રવેશ ૪ થો–પ્રેમઘેલી કમળા, સાહેલીઓ સાથે વાર્તાવિનોદ, પાછળથી રાણા તરફથી તેડવા આવેલ સુરદાસ સાથે રાણીનું આવવું. કમળાને લગ્નની ખુશ ખબર. લગ્ન માટે છાવણી તરફ જવા સજ્જ થવા રાણીની કમળાને આજ્ઞા. સાહેલીઓની કમળા પ્રત્યે નિર્દોષ મશ્કરી.

પ્રવેશ ૫ મો–ઇશ્કના બાજારમાં મહોબતના બાજારમાં ભમતી બે-ગમ આશકની યાદમાં, અચાનક યારનો મેળાપ, પ્રેમમાં પુરો પરસ્પર ખુની ધમકી.

પ્રવેશ ૬ ઠો–છાવણી. કમળા પરણવાના ઉમંગમાં, પાછળથી રાણી મંદિરમાંથી રાણા તરફથી તેડવા આવેલ રામદાસ, બળીદાનનો ખુલાસો, ક્રોધાવેશમાં રાણાનું આવવું, રાણી સાથે રકઝક, શુરી ક્ષત્રાણી પોતાની કન્યા કમળાના બચાવ માટે બેધડેક, રાણો દિગમુઢ, પાછળથી વિજયસીંહ સસરા જમાઇનું વાગયુદ્ધ, પરસ્પર સખત અપમાન; વિજયની મગરૂરી તોડવા રાણી તથા કમળાને ચિતોડ પાછા મોકલી દેવા રાણાનો નિશ્ચય, એકાએક રણધીરનું લશ્કર સાથે આવવું, બળીદાન માટે કમળાનો અટકાવ, રાણો વિસ્મય, ટેબ્લો–

પ્રવેશ ૭ મો–વિજય. રજપુતોની અંધ શ્રદ્ધા માટે અફસોસમાં પોતાના પ્રેમપાત્રને બચાવવાના વિચારમાં એટલામાં વેરની આગમાં ધુંધવાતી બેગમનું આવવું, ભૈરવાચાર્ય પુજારીનું પોગળ, વિજય સંશયયુક્ત, ભૈરવાચાર્યનો કાગળ લેઇ દિલ્લી તરફ જતા ફતેઉલ્લાનું વિજયના હાથમાં સપડાવું, કાગળની બીનાથી ભૈરવાચાર્યનું ભોપાળું. ફતેઉલ્લાને બંધીવાન કરી બેગમ સાથે વિજયનું મંદિર તરફ કમળાને બચાવવા જવું.

પ્રવેશ ૮ મો–દેવીમંદિર. ચતુર્ભુજા દેવી આગળ યજ્ઞ હોમ, બળીદાનની ઉતાવળ, રાણાની હઠ, આંખે પાટા, અચાનક, વિજય, કમળાનો બચાવ રણધીર પ્રતિપક્ષ, વિધર્મી ભૈરવાચાર્યનો ભેદ ખુલ્લો, મોતની અણી ઉપર આવેલ ભૈરવાચાર્યના હાથે બેગમનું ખુન, ખુની ભૈરવાચાર્યનો રજપૂતોના હાથે શિરચ્છેદ, તેના ધડનું યજ્ઞમાં બળીદાન, ફતેઉલ્લા મારફતે ભૈરવાચાર્યના મસ્તકની બાદશાહને ભેટ,

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો–દિલ્હીમાં અલાઉદ્દીનનો દરબાર, બાદશાહની બડાઇ, ખુશામતીઆની ખુશામત, રજપુતો તરફથી ફતેઉલ્લા મારફત મુફલીસખાનના માથાની બાદશાહને ભેટ, બાદશાહનો ઉગ્રકોપ, ચિતોડને ભસ્મીભૂત કરવાની પ્રતિજ્ઞા, સરદાર સાલારજંગને લશ્કર લેઇ ચિતોડપર ચઢાઇ કરવાનો હુકમ, પોતે પાછળથી મોટા લશ્કર સાથે આવવા ફરમાન, નાચ.

પ્રવેશ ૨ જો–સરદાર સાલારજંગ ચિતોડની સરહદપર, રજપૂતોને છેલ્લું કહેણ, નજરાણામાં પદ્મિની ધરો યાતો લડાઇ કરો.

પ્રવેશ ૩ જો–પદ્મિની શોકાગ્રસ્ત, કમળાનું આશ્વાસન, રાણા ભીમસીંહનું આવવું, સતી પતિ બન્ને એકમત, બાદશાહ તરફથી સરદાર સાલારજંગે મોકલેલું છેલ્લું કહેણ, ભીમસીંહનો લડાઇ માટે તમામ રજપૂતો તૈયાર છે તેવો જવાબ. પદ્મિનીની પતિને આશિષ સાથે વિદાયગીરી.

પ્રવેશ ૪ થો–રાણો, રણધીર, વિજય વિગેરે રજપૂત મંડળ લડાઇના વિચારમાં, ભવિષ્યના વંશ માટે રણધીરનો વિચાર. અજીતકુમારને કોઇ ગુપ્ત સ્થળે મોકલી દેવા વિજયનો નિશ્ચય, અજીતકુમારની આનાકાની, છેવટે લાચારી સાથે વડીલોની આજ્ઞાનુસાર અજીતકુમારનું જવું, ભીમસીંહનું આવવું. રજપૂતોને સ્વદેશસેવાનો બોધ, શુરા સામંતોનું કેસરીયાં કરી રણસંગ્રામ તરફ વિદાયગીરી, શુરી ક્ષત્રાણી-

ઓની કેસરીયાં કપડાં આપી વિજયમાળ પહેરાવી રણરંગમાં રમવા પોતાના સ્વામિઓને આશિષ.

પ્રવેશ ૫ મો–ચિતોડનો કિલ્લો, બાદશાહનું લશ્કર, કિલ્લામાંથી નીકળી આવતા રજપૂતો, પરસ્પર લડાઇ, રાણા લખમસીંહ, રણધીર, વિજય વિગેરેનું રણમાં પડવું, તોપથી કિલ્લાનો નાશ, શહેરના રસ્તામાં ભીમસીંહ, પદ્મિનીનું સમશેર લેઇ તેની વ્હારે આવવું. પદ્મિનીને સમજાવી તમામ ક્ષત્રાણીઓને સતી થવા જનાના તરફ મોકલવી, મુસલમાન લશ્કરનો ધસારો, ભીમસીંહનો યુદ્ધમાં અંત, મુસલમાનોની જીત, બાદશાહની પદ્મિની માટે આતુરતા, પદ્મિની વિગેરે તમામ ક્ષત્રીણીઓનું ચિતામાં પડવું, બાદશાહ નિરાશ, ગુપ્ત સ્થળે ગએલ સૂર્યવંશના અંશ અજીત કુમારનું આવવું, પોતાના પૂર્વજોનું વેર લેવાની પ્રતિજ્ઞા, છેવટે સ્વદેશ સેવા તથા સતીઓના શિયળ માટે રણશૈય્યામાં સુતેલા શુરા રજપૂતોનું સ્વર્ગમાં સજોડે દર્શન. બાદશાહની વિસ્મયતા.

ટેબ્લો.

સમાપ્ત.

મુખ્ય પાત્રોનાં નામ.

પુરૂષ વર્ગ.

અલ્લાઉદ્દીન	...	...	...	દીલ્હીનો બાદશાહ.
મુફલીસખાન	...	...	...	બેગમનો આશક પાછળથી ભૈરવાચાર્ય પુજારી.
સાલારજંગ	...	...	...	યવન સરદાર.
લખમસીંહ	...	...	...	ચીતોડનો રાણો.
ભીમસીંહ	...	...	...	રાણાનો કાકો.
રણધીર	...	...	...	સેનાપતિ.
વિજયસીંહ	...	...	...	બ્હાદુર યોદ્ધો અને કમળાનો પતિ.
અજીત	...	...	...	રાણાનો પાટવી કુમાર.
ફતેઉલ્લા	...	...	...	બેગમનો બેવકુફ નોકર ભૈરવાચાર્યનો શિષ્ય.

સ્ત્રી વર્ગ.

પદ્મિની...	...	...	...	રાણા ભીમસીંહની રાણી.
રાણી	...	...	...	રાણા લખમસીંહની.
કમળા	...	...	...	રાણા લખમસીંહની કુંવરી. અને વિજયસીંહની સ્ત્રી.
બેગમ	...	...	...	અલ્લાઉદ્દીનની.

સ્થળ—દીલ્હી, ચિતોડ અને પાસેનું જંગલ.

દરબારીઓ, નાચનારીઓ, સીપાઇઓ, વીગેરે વીગેરે.

પપ૮૮

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવીન "સતી પદ્મિની"

નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર—

શાંતિદાતા નામું શિવ શિવ માર્ગ આપનારા,
કાપનારા પાપ તાપ વ શ્રાપ સર્વ તનના;
નવિન કૃતિ આ નવિન રંગ
નિરખી વ્યાપે અંગો અંગ
શાંતિ અચલ વિમલ વિરમી વિકલ તર્ક મનના—

નેપથ્ય—

રૂમઝુમ સાહેલી સલોની પીયારી

નટી—

ક્યાં તે ક્ષત્રી વીર જે ગરજ્યા સિંહ સમા રણમાં
આજ નામપર સિંહ લગાવી ઝુલતા પારણમાં
શૌર્ય હીન નિર્માલ્ય—
રાજપુત પતિત હીન કંગાલ
ક્ષત્રી સુત ભ્રષ્ટ નષ્ટ બેહાલ

વીર લક્ષ્મીથી શોભિત અંગે નહી કોઇ નૃપ શુરા
બાજુ પોંચીયો જડાવ પહેરી હીરા મોતી લાલ
રમણી રમણુ રસમાં પુરા—

સાહેલીઓ— ૧

રૂમઝુમ સાહેલી સલોની પીયારી
મટકી અગરીયાં ભરકર શિરધરો
પનઘટ આવો તુમ સારીયાં
રૂમઝુમ બદરી બિરહકી બરસન લાગી આજ
જરત મરત હું નાથજી રખીઓ હમારી લાજ
આવો સારી પ્રેમ દુલારી ઘુંઘટ ઝટપટ ખોલ
હમ વારીયાં હો નિસારીયાં—
પીયા તીહાંરે ઠાડહે, કબસે તોરે આસ
દુ:ખદરદ સબ દુરહો આવો હમરે પાસ—

બેગમ-સાહેલીઓ— ૨

દીલ મીલ ચલીયે મોહનીયાં પ્યારી
મોહનીયાં પ્યારી સોહનીયાં સારી
જુઇ ચંબેલી સખીયાં ચુનત હય ગુલાબ ચુનત હે
શાહકી પ્યારી
સયરે ચમન મોહે જહેર લગત હય ઓર જરત હય
જાન હમારી
જાન હમારી કુકત હય સારી

બેગમ— ૩

મોરે બાંકે સીપઇયાં ન મારોરે કટરીયા
ન મારોરે કટરીયાં ચલ આવરે અટરીયાં
પઇયાં પરૂં તોરે કહું કરજોરરે
ધરધર ધરકત હે છતીયાં પીયા જીયા ના સતાઓરે
જીયા ના જલાઓરે
સાવરીઆ સલુના ન મારોરે નજરીયાં

બાદશાહ-મુફલીસ— ૪

હું આમેં તેરી જાન અરે ઓ જાની સયેતાન
બસ માફ કરો સુલતાન, મય હું નાદાન
નહીં કુચ્છ ધ્યાન બખ્સો મેરી જાન—
બદ જાત કમીના નીકલા તું ઓર દીલકા અયસા મેલા તું
નામ ડુબાયા મેરા તું હોગા હોગા તું હેરાન—

બેગમ— ૫

કુછ ઉલફતકી ખુબી આશક જાને હુવસી જાને કયા
હુવસી જાને કયા ભલા ઉસે હુવસી જાને કયા
આશકો માશુક દોનોંકે દિલમેં, હો બેકરારી, ભરીએ
વસ્લકી લજ્જત હો દોનો તરફકો બરાબર આગલગે
ઔર હી માશુક મેરા હય દીલબર, શાહકી ઔર પરીએ
ઇશ્વર માનો હય દીલકા મિલના દોનોંકી દોદો જગે—

જોગમ— ૬

જાઓ જાઓ જાઓ જાઓ પીયારે પીયારે મોરે
કોઈ ઈધર આયગા ભટકતો નાહક સરખો પટક
તેરી હોવેગી રૂસવાઈ
બીનતી કરત તોસે—

દરબારીઓ— ૭

જય જય સૂર્યવંશમાં નરેંદ્ર સૂર્ય અંશ
દુઃખ અંધકાર ધ્વંસનાર મહીપાલ છો–દીવ્ય–
પ્રજાજન રંજનાર દુષ્ટોને નિકંદનાર
વંદનાર એક લિંગ ઈષ્ટને દયાલ છો–રાજવી–
નરોમાં નરેંદ્રમણી સુરોના સુરેંદ્રમણી
શિશોદીયા વંશમાં વિશુધ્ધમણી માળ છો–વિશુ

વારાંગના— ૮

ઢુંઢન ચલી સબ સખીયનરે
મીલ ગયે પ્રભુ બીંદ્રાબનમેં
ઘેલી ગોપીયન તન મનમેં
ખેલન ચાહુત મોહુનસેં..............આહા
નટવર શ્રી નંદ દુલારે
બંસી અધરનપર ધારે
હીલમીલ આવત સખીયનસેં

મની ધધ નીનીસા નીસાનીરે સાની ધપ
ધના સાની ધપધ મપમધ પસગ
ગમ પગમરેગ રેગ સારે નીનીસા
હો ગઈ હરખિત તન મનમેં

ગરબો.

ઠુમરી—સાહેલીઓ ૯

વાગી જોને વીર હાક રણ જંગમાં
જાગી જોરે બાળા સુતી ભવનમાં
સ્વામિજી ઘોડીલે સવાર સીધાવતાં જાગીરે—
કેસર ભીંના જોઇ કંથને કંઈ બાળા જોબનમાં
અંતરમાં પડી ઉંડી ફાલ સીધાવતાં જાગીરે—
પ્રેમ ભરી રસ રંગની વાતમાં, શાંતિ સુખે ભરી રાવ વિતાવી
હાય એ રંગમાં ભંગ પડાવવા શોકય પ્રભાત ઉતાવલી આવી
અંબર અંગપરે સજની અતિ અંતરથી બની બાવરી બાળા
નાથ જશો નવ નાથ જશો કહી સ્તબ્ધ બની રહી મુગ્ધ
મરાળા

અંતર દુઃખની વાતરે જાણે કોણ અંતર દુઃખની વાત
જેને વીતી તે જાણે સંસારમાં બીજા સૌ તાળી દે હાથરે—
અંબર આંસુથી ભીંજવતી રજ અંતર નાથથી ના પડશોજી
અંબર અંગના અંગ તણા ઘરઉંબરથી નવ દુર થશોજી

અંબર પાથરી આપને વિનવું, અમર આશ ન તોડી જશોજી
ઉમર બાળી તમારી પિયુ અમઉમર બાળી નહીં કરશોજી
આતો મારા સોભાગ્યના શણગાર પેર્યા ન ઉતારશો રે રાજ
આતો મારા સોભાગ્ય કંકણ સાર
સ્વામિ મારા હીરા મોતી તણા હાર અંગાર ન બાળશોરે
કોને કહું ને કોણ સાંભળે રે, મારા વિયોગ દુઃખની વાતરે
જાણે કોણ અંતર દુઃખની દાઝ
જેને કહીએ તે હસી હસી કાઢે, કુવાની છાંય કુવામાંજ જાણે

વિજય-કમળા— ૧૦

લીન બની દીન બની પ્રેમના પ્રભાવે
ચંચળ ચપળા મેઘ વિષે રહી લીન—જેવી ચંચળ
ધન વૈભવ તન સુખ સમૃદ્ધિ આપચરણમેં સર્વ સમર્પી
બીજી નવ આશ રતિ મળ્યા ઇચ્છિત પતિ
માન્યામેં લક્ષ્મી પતિ થઇ સોભાગ્ય વતિ—
ધન યૌવન સુખ સાધન મારૂં, પ્રાણપ્રિયા ગણું સર્વ તમારૂં
રતિવર પ્રાણ રતિ ખીલી મુજ ભાગ્ય રતિ
પતિ પ્રીતિ પામી સતી રહો સૌભાગ્યવંતિ—

ભિમસિંહ-બાદશાહ ૧૧

જા જા યવન અહીંથી જા
સતીને સ્પર્શતાં જાણ જાશે જાન—

બોલ બહુ શું ગર્વી ગરજી
નવ જાણે પાદશાહને
સિંહ મુચ્છ વાળ લેવા ચ્હાયરે ખળરે
સર્પ શિરમણી ચાહ્ય શુ
લઇશ એમ ન માન સહુ હિંદવાણુ વળી તુજ પ્રાણુ
છટ જારે દુર થાને—

રજપુત લશ્કર— ૧૨

ચાલો બહાદુરો હિંમત હાથ ધરી
કાપો શત્રુના શસ્ત્રથી શિર ધરી
આપો ભોગ ભવાનીને હોંશ ભરી
કરો એ દુષ્ટોને ઠાર ઠાર
વીર ક્ષત્રીઓનું પુર શુર
ચમકાવો બાપ દાદા તણુ નુર
ઘુમો રણે થઈ ઘેલા તુર
મારો એ પાપીને ઠાર ઠાર

નાચ.

અંક બીજો.

ભૈરવાચાર્ય— ૧૩

કેવો હું પાખંડી પુરો પાખંડ પુજાઉંછું
માંહો માંહે ક્ષત્રીઓને કેવા હું લડાવુંછું
પાખંડ વિનાનો નર ખરેખર માનવો
દંભને દમામ પુર સ્વાર્થ સાધવામાં શુર
ફાટ ફુટ, સાચ જુઠ, લુંટ ઝુંટ, કર્મ કુટ,
કંટકના ઉતારૂં નુર—
રણ યજ્ઞમાં જરૂર શત્રુઓ કરાવું ચુર
આમ તેમ તેમ આમ છળભેદ તણું કામ
જંગી જંગ બહાદુર—

દેવીવાણી— ૧૪

રે મુંઢ જો વિજયની મન આશ ધારે
દે બાર પુત્ર બલીદાન મને સવારે
ને એક સ્ત્રી કમલની ઉપમાજ વાળી
દે દાનમાં કુળવતી રૂધીરે પખાળી

રણધીર— ૧૫

સૂર્યવંશી પૂર્વવંશને આપ અંતરમાં સ્મરો
ત્યાગી વૈભવ રાન ભટકયા રામનીતિ દીલ ધરો

સત્યવાદી અવધ પતિની હામને હૈયે ધરો
પત્નિ સુત ને પ્રાણ જાતાં સત્યથી જે ના ચળ્યો
દેશ ભક્તિ કંઇ વિચારો સમરસિંહને સંગની
તુર્ક સંગે જંગમાંના ધારી પરવા અંગની
સૂર્યવંશી શિરમણીને શોક કરવો ના ઘટે
ભાવિ જે લખ્યું ભાગ્યમાં તે કોઈ કાળે ના મટે

કમળા— ૧૬

હાંરે કોઇ વાલમને લેઈ આવોને
હાં મને છેલા રંગીલા મેળવો.
જુલ્મી જુવાની આ હાય દિવાની
લલિત વિલાસી એ વાલમ વિના
રજની અંધારી હા લાગે નકારી
ચતુર ચકોરીને ચંદ્ર વિના
હાય બળી હું હાય બળી હું
પિયુ પિયુ તનથી તલસી રહી—

સાહેલી— ૧૭

અંગમાં અનંગ વસે, વિકસે નયન રસે
મંદમંદ મુખ હસેરે સજની મારી
ઉર રસે ઉભરાયે ઉરજ ઉન્નત થાય
કંચુકી કસ કસાયરે—
સ્ફુરિત રોમાંચ થાય, અધરોષ્ઠ કંપાય

તનુ લજ્જા નત થાયરે—
વિકલ અંગપર સ્વેદના બિંદુ લાગે આલ
માનસ સર મુકતામણી ચુમે માની મરાલ
રસિક સુહંસ મળે મન અર્થ સર્વ ફળે
શાંતિ સર્વાંગે વળેરે

કમળા— ૧૮

પ્રિયતમ દરશનને તલસી રહી
તલસી રહી હા તરશી રહી
મુખ દરશી રહીરે
નજરે પ્રીય નિરખી રહી—
સજીવન મુર્તિ દિલ દરપણમાં
દિવ્ય રૂપ ધરી રાજી રહીરે
અસલ નજીક આ નકલ નકામી
જોઇ જોઇ દિલ દાઝી રહીરે
પ્યાર પ્યાર ધુન લાગી રહીરે—

કમળા-સાહેલીઓ ૧૯

પ્રીતિ રસે ભરી પ્રેમદા વેલી પ્રિતમ પાસ જનારી
ફુલે ફળે ફળી ગર્વથી ઘેલી મોહ મદે ઝુલનારી
પ્રિય વસંત પ્રસંગ પ્રિતમ સંગ તુ ખીલનારી
જાઓ કંઇ શરમાઓ નહી બનો છેક શું બેશરમાળી
શરમ ધરમ સ્વામિની શરણુ તજશો બાળા બાળી

હા હા જ થશો ના ઇલાજ, શાની ધરો લાજ
અરે બાઇ છેક શું આવી મને શરમાવી
નાંખો અકળાવી ઉડાવી બનાવી-

બેગમ— ૨૦

પ્રેમ તણી નવ પરી સીમા, જગ બધું પ્રેમાધીન,
પ્રેમ વસે ત્યાં નેમના, વીર બન્યા કંઈ દીન,
ભાવી શું આ નસીબે લખ્યું, વીચારૂં આજ—ભાવી૰
જે પલંગે પોઢનારી, તે પગે થઈ ચાલનારી
હાથી હોદ્દે બેસનારી, તે પગે થઈ ચાલનારી
કર્મની ગતિ શી છે ન્યારી, પ્રેમે બની તારાજ—ભાવી૰

બેગમ હૈરવા— ૨૧

અધર્મી પાપી તુને ધિક્કાર છે હજારવાર
નફ્ટ નિર્લજ નાદાન
તું અધમ અપાર, જાખુની ચંડાલ
મારૂં ઠાર—
ખુની તું નીચ નાદાન ચંડાલ
બેવફા છે તુજને લાખો ફીટકાર
નિમક હરામ. જા તું પાપી આવાર

કમળા— ૨૨

કયારે મળી પ્રેમ ભરી સરિતા સાગરને
લલિત લેહરીથી ઉછળી થશે શાંન્ત

જ્યારે બળી ઘેલી આ ચકોરી વ્યાકુલ થઇ
એક ચિતે રહી નિરખી ચંદ્રકાંત
લલિતદૃષ્ટિ અમીની વૃષ્ટિ
કરે કદાપિ જો કમળ કાન્ત
દિન આનંદના જાય તરંગમાં, પ્રિતમ સંગમાં–વાલમથી
હસી હસી મળી કરીશું પ્રેમની વાત–

લખ–વિજય— ૨૩

રાજવી શું વચન વદતા આપ અવિચારી બની
તાપકારી શાંતિ હારી (શું) ભ્રષ્ટ મતિ થઇ આપની
શું બોલરે નાદાન પલમાં માન મોડું તાહારૂં
તું તુચ્છ નર હું નરપતિ અપમાન કર શું માહારૂં
નાના નહિં હે નરપતિ નિરવંશ કરતા કુળના
છો કાળ રાહુ તુલ્ય આ રવિવંશ લાંછન ભુલના
ચુપરે ચંડાલ નહિંતર કાલ તારો હું કરૂં
શસ્ત્રથી શિર છેદ કરીને પ્રાણ તારા સંહરૂં
સંહારતા આ વીરને સંહાર કન્યાનો કરો
થઇ રાજવી ચંડલ તમે કોમળ કુમારી સંહરો

વિજય— ૨૪

થઈ આ શું ક્ષત્રી મતિ વિપરીત
સાહસ કરે વિના વિચાર
કોમળ કમળ સમ હા કમળા શું

અગ્નિમાં બાળે પ્રજાળે હાહા
મળે કદી એથી વિજય શું
અરે આતે કેવી અધમતા
વિજય તો સર્વદા
ક્ષત્રી નરવીર ભુજબલમાં
સૂચવે આ દેશતણી નિરગળતા

બેગમ ૨૫

જાલીમ જલાદ કેસા બેદાદ ઐસા ઉસ્તાદ
બડા આજાદ કીયા બરબાદ—
પ્યાર ક્યારસે ખ્વાર કીતને ઝાર લાચાર કીતને
ફીરતેં હય બેચારે મારે હાઠર આવારે સારે તોબા તોબા પુકારે
પ્યારકે હે બીમાર કીતને ઇશ્કમે લાચાર કીતને
માશુકપે તન મન વારે ફીરતે હય લાખોં બિચારે
હરદમ દીલમે દીલદાર
કઠીન પ્રીતકી રીત હય, કોઈ ન દીજો દીલ;
વરના જગમે જાન લે, ખાકમે જાયગા મીલ.

વિજય— ૨૬

લલિત લલના બાળ વયમાં યજ્ઞમાં હોમાયશું
કદળી કુમળી શસ્ત્ર ઘાતે હાયરે છુંદાય શું
કનકવેલી વજ્ર પાતે રાખ બળીને થાય શું
આવી અચાનક બાળ હરિણી સિંહ કેરા પાશમાં

પાપી પ્રપંચી ક્રુર હિંસક પારધીના પાસમાં
શીઘ્ર હું જઇને બચાવુ પાપીને તત્કાળ મારૂં
જુલ્મ આ સહેવાય શું—

કમળા— ૨૭

તન અરપણુ કરૂં તુલજા માઇ
તું તરશી છો તરૂણુ રૂધીરની
લેલે જીવરે જોગીણી ઝટ લઇ
દુષ્ટ દયાહીણુ નિર્દય દેવી
શું આમ તું રાંક રીબાવે રહી રહી—
વીર વિજય વિણુ વિકળ વિયોગી
આ બાળીને કાળી સંહાર ઝટ લઈ



અંક ત્રીજો.

ફરબારીઓ— ૨૮

રબે હાવર દાદાર રાજ સરતાજ
તેરા નુરાની ઓદાની ગ્યાની સુલતાની તેરી હુમપે મહેરબાની
તુંહી સરતાજ હય હમ મહોતાજ હય
રાજતાજ તેરા કાયમ આલમમેં હે તેરા શોહ શબાહો
અશમત હુની શૌકત રબેપરવર લાજ આજ તેરી હો સુબહાન

કમળા— ૨૯

ચિંતાને પરહરી મનથી ધીરજ ધરી ઇશ્વરપર આધારજ ધારો
પ્રભુને શરણુ રહી સુખ દુઃખ અંગે સહી ઈશ્વર ઈચ્છા સ્વિકારો
આ૦યાં સો વિઘ્ન વળશે સંકટ ટળશે શાંતિથી કાળ વિતાવો
હું મારૂં વ્યર્થ માની કરત્રીશે ગ્લાની કરશે શું જીવ બિચારો
આશા તંતુપર ચઢતાં જીવ કરોળીઓ આખર છે પડનારો

પદ૦-ભીમ— ૩૦

પુરો સકળ સફળ પ્રભુ મનસા
વિજય થાઓ રણે એવી અભિલાષા—
શિયળ રતન સતી જાળવી જતનથી
કદી ન પતિત થશો પાપીના પ્રસંગથી
સતી આ કદીના ચળશે શિયળથી

આજીત— ૩૧

નવ સમજો પિતાજી હું અજ્ઞાન બાળ
રીપુ દળ બળ હુરી રણયશ લઉંવરી
વહેવરાવું રણુ રૂધીર ધાર-
સમર ભુમિને ગરજાવું હું સિંહબાળ
કરીશ હસ્તિદળ કુંભકાર હું
અસિ કર ધરીને રણુ ન તજું વીર તનહુ
કરો નહિં હા લાચાર

સામતો— ૩૨

શુરાઓ આવી જવે વેળા હુવે
આશિષ લઇને ચાલો સૌ શુર હિંમત ધારીને ત્યાં
અરિ દળને સંહારો અરિ રૂધિરે તૃપ્તિ મળે
એજ અભિલાષા ભરો, આસન પરથી અરિને પકડો
પટકી ભુમીપર નાંખો-
સિંહ સમા ગરજી રણુમાં, ન્હાવો રુધિરના સાગરમાં
રણુ રમણી સહુ લયો લાવો, શૌર્ય વીર સૌ બતલાવો
પામર અરિ દળને દળતા, સ્વર્ગે સુર રમણી વરવા
સંહારો એ શત્રુઓને, જય માળા આ શિર ધારો-

સમાપ્ત.

[illegible] — કીમત માત્ર રૂ. ૪)

ફોટોગ્રાફ પાડવાના ન્યુ

છુપા કેમેરા.

હાલમાં વીલાયતથી મોટા ફેરફાર સાથે કેમેરાનો મોટો જથ્થો આવી પહોંચ્યો છે. આ કેમેરાથી નાનું બચ્ચું પણ સહેલાઇથી ફોટો ઉતારી શકે છે. દોડતી ગાડી, ઉડતું પક્ષી વગેરેનો સહેલાઇથી ફોટો ઉતારી શકાય છે. ફોટોગ્રાફ ઉતારવાની સંપુર્ણ માહીતી ઘેર બેઠે શીખવી શકીએ છીએ, કેમેરા સાથે વ્યુફાઇન્ડર (જેનો ફોટો લેવો છે તે જોવા માટે) ગ્રાઉન્ડ ગ્લાસ ડબલ ડાર્ક સલાઇડ પ્લેટ દવાઓ સાથે કીંમત રૂ. ૪ પોસ્ટેજ દશ આના.

વગર ઇજાએ વાળ કાઢવા માટે

બાદશાહી સાબુ.

આ સાબુ જે જગ્યા ઉપર લગાડવામાં આવે છે તે જગ્યાના વાળ ઘણીજ સહેલાઇથી નીકળી જાય છે. ચામડીને કાંઇપણ ઇજા થતી નથી ચામડીનો કુદરતી રંગ બનાવે છે. કીંમત ત્રણ સાબુના બાક્સનો રૂ. ૧) પોસ્ટેજ જુદું. સોલ એજન્ટ—

છોટાલાલ છગનલાલ મહાજન એન્ડ કું૦

શેખ મેમણ સ્ટ્રીટ મુંબઇ નં. ૨

જાણીતા મોટા મેકરોની તીજોરીઓ લીલામમાં

થોડા વખત ઉપર મુંબાઇમાં કોટમાં મેસર્સ ઇવર્ટલેધમની ઓફીસમાં કાપડ બજારમાં અને ભુલેશ્વર અને નળ બજારનાં ઘરોમાં આગ લાગી હતી તે દરેક ઠેકાણે જ્યાં જ્યાં ગોદરેજની તીજોરીઓ હતી ત્યાં અંદરનો સર્વે માલ તદ્દન સલામત રહ્યો હતો. એ વખતે કોઈ આગમાં કોઈ મેકરનીતો બીજી કોઇમાં બીજા કોઈ મેકરની જાણીતી તીજોરીઓમાં સર્વે બળી ગયું હતું. આ વાતની ખાત્રી કરવા પછી સર સાસુન જે. ડેવીડે પોતાની ઓફીસમાં વપરાતા જાણીતા મેકરોની મોટી અને કીંમતી તીજોરીઓ લીલામમાં મોકલાવી વેચી નાંખવાનો ઠરાવ કરી રૂ. ૩૪૦૦ ની બે મોટી તીજોરીઓ બનાવવાનો ઓર્ડર ગોદરેજને આપ્યો છે.

એજ પ્રમાણે મેસર્સ એડબરીની કંપનીએ બીજા મેકરોની તીજોરીઓ વેચી નાંખવાનો ઠરાવ કરી મોટી ચાર તીજોરીઓનો ઓર્ડર ગોદરેજને આપ્યો છે.

પોતાની ઓફીસમાં આગ લાગી તેમાં બીજા જાણીતા મેકરોની તીજોરીઓનો અનુભવ મળવાથી પછી મેસર્સ ઈવર્ટલેધમે ગોદરેજની સાત મોટી તીજોરી ખરીદી છે.

ગયા વરસમાં નામદાર સરકારે ગોદરેજની ૩૭૨ તીજોરી હિન્દુસ્તાન બર્માની સેવીંગ બેન્કોના ચોપડાની જાળવણી માટે ખરીદી હતી.

આ ઓર્ડર ગોદરેજને આપવા પહેલાં જુદા જુદા મેકરોની તીજોરીઓની પરીક્ષા આગમાં નાંખીને કરી જોવાનો ઠરાવ થયો હતો. એ મુજબ કલકત્તામાં ટપાલ ખાતાના ડીરેક્ટર જનરલે તપાસ લીધી હતી. અને એવું જણાવ્યું હતું કે જ્યારે બીજી તીજોરીમાં સઘળા ચોપડા અને કાગળો બળીને કોલસો થયો હતો ત્યારે ગોદરેજની તીજોરીમાં સર્વ અગાઉ જેવી સારી હાલતમાં હતું.

ગોદરેજ એન્ડ બોઈસ મેન્યુફેક્ચરીંગ કું.

કારખાનું—ગેસ કંપની પાસે પરેલ—મુંબઇ.